सत्यमेव जयते

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

19907-67
ક્રમાંક:જીસીઈઆરટી/PM/SOE/2023
ગુજરાતશૈક્ષણિકસંશોધનઅનેતાલીમપરિષદ
વિદ્યાભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર
ફોન.નિયામક:(079) 23256808-39
નિયામક:(079) 23256808
સચિવ:(079) 23256813
ફેક્સ:(079) 23256812
ઈ-મેલ:director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તા. 12 JUL 2023

પ્રતિ,

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી -તમામ

શાસનાધિકારી, તમામ

<u>વિષય: સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ (SoE) અંતર્ગત સ્વમૂલ્યાંકન ચેકલિસ્ટ બાબત</u>

<u>સંદર્ભ: તા.11/7/2023ના રોજની શાખાનોંધ પર મળેલ માન.નિયામકશ્રીની મંજુરી મુજબ</u>

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે આપ સુવિદિત છો એ મુજબ વર્લ્ડ બેંક સહાયિત GOAL પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની અંદાજે 15000 પ્રાથમિક શાળાઓને સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ (SoE) તરીકે વિકસાવવામાં આવી રહી છે. SoE શાળાઓના મુખ્ય શિક્ષકોએ પોતાની શાળામાં શૈક્ષણિક બાબતો અંતર્ગત શું શું ધ્યાન રાખવું જોઈએ તે અંગેનું એક ચેકલીસ્ટ આ સાથે સામેલ છે.

પોતાની શાળામાં હાજરી, શાળાનું ભૌતિક અને શૈક્ષણિક ભાવાવરણ, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, મૂલ્યાંકનમાં પ્રવર્તમાન સ્થિતિ શું છે અને એમાં કઈ કઈ બાબતોમાં સુધારા કરવાની જરૂરિયાત છે એ અંગે શાળા કક્ષાએ યોગ્ય કામગીરી કરવા માટે આ ચેકલિસ્ટ મદદરૂપ બનશે. અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અંગેનું ચેકલિસ્ટ દરેક શિક્ષકને લાગુ પડતું હોઈ, મુખ્યશિક્ષક તમામ શિક્ષકો માટે વ્યક્તિગત ચેકલિસ્ટ નિભાવે તે અપેક્ષિત છે. મૂળભૂત વાચન, લેખન અને ગણન કૌશલ્યમાં શાળાની માસિક પ્રગતિ/સ્થિતિની વિગત આ સાથે સામેલ કોષ્ટકમાં માત્ર શાળા કક્ષાએ નિભાવવાની છે. ઉપરના કોઈ સ્તરે તેની માહિતી માગવાની નથી.

આ ચેકલિસ્ટ મુજબ શાળા પોતાની સ્થિતિનું સતત મૂલ્યાંકન કરીને એમાં સુધારણા કરવા જરૂરી અનુકાર્ય કરે એ આ ચેકલિસ્ટનો મૂળ ઉદ્દેશ છે. તેથી, આ ચેકલિસ્ટ શાળા કક્ષાએ જ રહેશે. આ અંગેની કોઈ આંકડાકીય માહિતી કે વિગતો ઉપરના સ્તરે મોકલવાની નથી. જે ધ્યાને લેવા વિનંતી છે. આપના તાબાની તમામ SoE શાળાઓમાં આ ચેકલિસ્ટ આપની કક્ષાએથી પહોંચાડશો.

(ડી.એસ. પટેલ)
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

(ડૉ. એમ.આઈ.જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

બિડાણ: SoE સ્વમૂલ્યાંકન ચેકલિસ્ટ

<u>નકલ સવિનય રવાના:</u>
માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર ૧૭, ગાંધીનગર

## સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' અંતર્ગત શાળાઓનું <u>સ્વમૂલ્યાંકન</u> ચેકલિસ્ટ

| ક્રમ | વિગત | હા/ ના |
|---|---|---|
| (A) | <u>વિદ્યાર્થીઓ/શિક્ષકોની હાજરી</u> | |
| 1 | શાળામાં નિમણૂક પામેલ તમામ સ્ટાફ નિયમિત રીતે સમયસર શાળાએ ઉપસ્થિત રહે છે? | |
| 2 | વિદ્યાર્થીઓ-શિક્ષકોની હાજરીની વિગત નિયમિત રીતે અને સમયસર Online ભરાય છે? | |
| 3 | અનિયમિત વિદ્યાર્થીઓને નિયમિત રીતે સમયસર શાળામાં આવવા પ્રેરિત કરવાના પ્રયત્ન કરવામાં આવે છે? | |
| 4 | અનિયમિતતાનાં કારણો જાણી તેને નિવારવાના ઉપાયો થયેલ છે? | |
| (B) | <u>શાળાનું ભાવાવરણ</u> | |
| 1 | શાળા પરિસરની સ્વચ્છતા અને બાગ-બગીચાની જાળવણી યોગ્ય રીતે થાય છે? | |
| 2 | શાળામાં પાર્કિંગ વ્યવસ્થા યોગ્ય જણાય છે? | |
| 3 | વિદ્યાર્થીઓ દ્વારા વર્ગખંડનું સુશોભન થાય છે? | |
| 4 | પુસ્તકાલય, પ્રયોગશાળા, મધ્યાહ્ન ભોજનના રસોડા અને ભોજનની બેઠક વ્યવસ્થા સ્વચ્છ અને સુઘડ છે? | |
| 5 | વર્ગખંડમાં કચરાપેટીની સુવિધા ઉપલબ્ધ છે? | |
| | જો હા તો તેનો ઉપયોગ શિક્ષક અને વિદ્યાર્થીઓ દ્વારા યોગ્ય રીતે થાય છે? | |
| (C) | <u>શૈક્ષણિક ભાવાવરણ</u>:- | |
| 1 | પ્રાર્થનાસભાને રસપ્રદ બનાવવા માટે તેમાં વૈવિધ્ય જળવાય છે? | |
| 2 | બાળવૃંદ દ્વારા પ્રાર્થના સભાનું સંચાલન થાય છે? | |
| 3 | પ્રાર્થનાસભા દરમિયાન તમામ વિદ્યાર્થીઓ પોતાનાં રસ-રૂચિ મુજબની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે? | |
| 4 | અધ્યયન અધ્યાપન પ્રક્રિયાની જરૂરિયાત મુજબ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થામાં ફેરફાર થાય છે? | |
| 5 | શાળાસમય દરમિયાન શાળા પુસ્તકાલય અને પ્રયોગશાળાનો વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગ થાય છે? | |
| 6 | વિદ્યાર્થીઓ મુક્ત રીતે શિક્ષકો સાથે વાતચીત કરી શકે છે? | |
| 7 | શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકબીજાના કામમાં પરસ્પર મદદ કરે છે? | |
| 8 | અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન, શાળામાં ઉપલબ્ધ ICT સુવિધાનો યોગ્ય ઉપયોગ થાય છે? | |
| 9 | શાળા અને વર્ગની દીવાલો પરનાં ચિત્રો અને લખાણ અંગે વિદ્યાર્થીઓને પૂરતી જાણકારી આપવમાં આવે છે? | |
| 10 | આદર્શ સમયપત્રક મુજબ વિદ્યાર્થીઓને રમતગમત-વ્યાયામ, ચિત્ર, સંગીત વગેરે શીખવાની તક મળે છે? | |
| (D) | અધ્યયન અધ્યાપન પ્રક્રિયા: | |
| 1 | શિક્ષક પાસે, પોતે ભણાવતા હોય તે દરેક વિષયના વિષયવસ્તુની ઊંડાણપૂર્વકની સમજ છે? | |
| 2 | જે તે વિષયના ધોરણવાર LOs ની આડી-ઊભી ધરી (વિકાસાત્મક આવર્તન)ની જાણકારી દરેક શિક્ષક પાસે છે? | |

| | | |
|---|---|---|
| 3 | તમામ શિક્ષકો દ્વારા યોગ્ય રીતે પાઠ આયોજન થાય છે? | |
| 4 | તમામ શિક્ષકો પાઠ આયોજન મુજબ શિક્ષણ કાર્ય કરે છે? | |
| 5 | તમામ શિક્ષકો જે તે વિષયવસ્તુ શીખવવા માટેની જરૂરી પૂર્વતૈયારી કરે છે? | |
| 6 | તમામ શિક્ષકો શિક્ષણ કાર્ય દરમિયાન યોગ્ય અધ્યયન અધ્યાપન સામગ્રીનો ઉપયોગ કરે છે? | |
| 7 | ધોરણ – ૧ થી ૨ માં સમયપત્રક મુજબ સમૂહકાર્ય-૧ અને સમૂહકાર્ય-૨ યોગ્ય રીતે થાય છે? | |
| 8 | ધોરણ ૧-૨ માં પૂરતા પ્રમાણમાં વ્યક્તિગત શિક્ષણ કાર્ય થાય છે? | |
| 9 | વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા વધે અને સમગ્ર તાસ દરમિયાન તેઓ રસપૂર્વક ધ્યાન આપે. તે માટેના પ્રયત્ન શિક્ષક દ્વારા થાય છે? | |
| 10 | વર્ગ શિક્ષણ દરમિયાન જૂથ કાર્ય અને જૂથ ચર્ચા કરવામાં આવે છે? | |
| 11 | અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને મુક્તજવાબી પ્રશ્નો પૂછવામાં આવે છે? (એવા પ્રશ્નો કે જેના જવાબ આપવા માટે વિદ્યાર્થીઓએ વિચારવું પડે) | |
| 12 | વર્ગ શિક્ષણ દરમિયાન દરેક ધોરણમાં વિદ્યાર્થીઓને મુખર વાચન અને વાચન અર્થગ્રહણ કરવાની તક મળે છે? | |
| 13 | દરેક વિષય અંતર્ગત વિદ્યાર્થીઓની વિચારશક્તિ ખીલે અને એમનામાં સ્વતંત્ર લેખન કૌશલ્ય વિકસે તેવા પ્રયત્નો થાય છે? | |
| 14 | વર્ગ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ પૂરતા પ્રમાણમાં કરાવવામાં આવે છે? | |
| 15 | બાલવાટિકામાં શિક્ષક માર્ગદર્શિકામાં સૂચવ્યા મુજબ શિક્ષણકાર્ય થાય છે? | |
| (E) | <u>મૂલ્યાંકન</u> | |
| 1 | GSQAC રિપોર્ટ કાર્ડ પરથી શાળાની સુધારાત્મક બાબતો જાણી, તે સુધારવાનાં પગલાં હાથ ધરવામાં આવે છે? | |
| 2 | ધોરણ ૧-૨ માં પ્રગતિ માપન રજીસ્ટર નિયમિત અને યોગ્ય રીતે નિભાવવામાં આવે છે? | |
| 3 | ધોરણ ૩ થી ૮ માં શિક્ષકો દ્વારા રચનાત્મક મૂલ્યાંકન પત્રક A નિયમિત અને યોગ્ય રીતે ભરવામાં આવે છે? | |
| 4 | શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત વ્યકિતત્વ વિકાસ પત્રક – B યોગ્ય રીતે નિભાવવામાં આવે છે? | |
| 5 | તમામ વિદ્યાર્થીઓનું સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક E ઉપલબ્ધ છે? | |
| | તમામ વિદ્યાર્થીઓનું સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક E દર વર્ષે અપડેટ કરવામાં આવે છે? | |
| 6 | બધાં બાળકો પાયાગત વાચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત કરે તે માટે શાળા દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવે છે? | |
| 7 | સામયિક મૂલ્યાંકન કસોટીઓ આધારિત ત્વરિત ઉપચારાત્મક કાર્ય થાય છે? | |
| 8 | વિદ્યાર્થીઓની પ્રગતિની વાલીઓને નિયમિત રીતે જાણ કરવામાં આવે છે? | |

### વાચન, લેખન, ગણન (FLN) અંતર્ગત શાળાનું સ્વમૂલ્યાંકન (માસિક)

| | | કુલ સંખ્યા | ધોરણ અનુરૂપ વાચન, લેખન, ગણન કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જુન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
| ધોરણ 1 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 2 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 3 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 4 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 5 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 6 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 7 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| ધોરણ 8 | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |
| કુલ | વાચન | | | | | | | | | | |
| | લેખન | | | | | | | | | | |
| | ગણન | | | | | | | | | | |